Pearson Edexcel

# Mark Scheme (Results)

## Summer 2023

Pearson Edexcel GCSE
In Gujarati (1GU0/1H)
Paper 1: Listening (Higher Tier)

# GCSE June 2023 Gujarati Higher tier

## Paper 1 Mark scheme

There are no marks for quality of language or spelling in this paper, therefore errors in the Gujarati script will be tolerated as long as the message is not ambiguous and it does not prevent communication. Such errors include where a candidate has mis-copied a Gujarati word or name.

### SECTION A

| Question number | Answer | Mark |
|---|---|---|
| 1(a) | સરખાપણું | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 1(b) | બેઠેલા | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 1(c) | સંપ | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 1(d) | સક્રિય | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 1(e) | જ્ઞાન | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 2(a) | પોતાના | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 2(b) | વિવિધ | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 2(c) | કૌશલ્ય | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 2(d) | મૂલ્ય | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 2(e) | વિવિધ | (1) |

## SECTION B

| Question number | Answer | Mark |
|---|---|---|
| 3(i) | D | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 3(ii) | B | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 3(iii) | A | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 3(iv) | C | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 4 | C E G | (3) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 5(i) | A | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 5(ii) | D | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 5(iii) | B | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 6(a) | Starting a company/business | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 6(b) | **ANY TWO**<br>Variety of food items<br>**AND**<br>Ingredients<br>**AND**<br>Cost/price<br>**AND**<br>Presentation of ideas<br>**AND**<br>Designing of packaging | (2) |

| Question number | Answer | Reject | Mark |
|---|---|---|---|
| 6(c) | Opportunity to present on television | Doordarshan on its own | (1) |

| Question number | Answer | Reject | Mark |
|---|---|---|---|
| **6(d)** | Provides practical knowledge | Knowledge on its own | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **7(a)** | People cheering<br>**OR**<br>Playing of musical instruments | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **7(b)** | Display of white kites/lanterns<br>**OR**<br>Display of kites with lanterns | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **7(c)** | Charity<br>**AND**<br>Friendship | **(2)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **7(d)** | By attending the International Kite Festival (in Ahmedabad) | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(a)(i)** | D | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(a)(ii)** | A | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(a)(iii)** | C | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(b)(i)** | D | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(b)(ii)** | B | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(b)(iii)** | A | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(a)(i)** | Outside the classroom/school | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(a)(ii)** | They can communicate easily/They can make enquiries easily | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(a)(iii)** | Similarities in lifestyle<br>**AND**<br>Differences in lifestyle | **(2)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(a)(iv)** | To understand their view point | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(b)(i)** | Create a curriculum | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(b)(ii)** | By providing them with a computer | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(b)(iii)** | Modern technology | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(b)(iv)** | They will become self-reliant<br>**AND**<br>They will become self-confident | **(2)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **10(i)** | B, E | **(2)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **10(ii)** | A, D | **(2)** |

# Transcript

Summer 2023

Pearson Edexcel GCSE

In Gujarati (1GU0) Paper 1H

**SECTION A**

**મારા દાદાજી**

**પ્રશ્ન ૧**

**ઉદાહરણ:**

**F1**: મારા દાદાજી આજે જીવિત નથી પરંતુ, તેમના સંપર્કમાં આવેલા સૌ કોઈના મનમાં તે વસેલા છે.

**પ્રશ્ન ૧**

**F1**: મારા જેવા જ હતા તેમના વાંકડિયા વાળ અને ગોળમટોળ હસમુખ ચહેરો. કામ કરવાની તેમની ધગશ, તો યુવાનોને શરમાવે તેવી હતી. અમે જરા પણ આળસ કરીએ તો દાદાજી ઠપકો આપતા. પરિવારની નાનીમોટી મુશ્કેલીઓ તેઓ સહેલાઈથી દૂર કરી શકતા. સ્થાનિક દાનધર્મની સંસ્થાઓને ઉદારતાપૂર્વક દાન આપવાનાં કાર્યોમાં તેઓ હંમેશાં મને સામેલ કરતાં. તેમની એક અમૂલ્ય સલાહ, કે ફક્ત કહેવાથી કંઈ ન થાય, તે કરીને બતાવવું પડે. એ મારા જીવનનું ભાથું બની રહ્યું છે .

**પ્રશ્ન ૨**

**ઉદાહરણ:**

**M1** હું માનું છું કે નવા અનુભવો લેવા માટે અને જરૂરિયાતવાળા લોકોને મદદ કરવા માટેનો શ્રેષ્ઠ માર્ગ છે સ્વયંસેવા.

**પ્રશ્ન ૨**

**M1** એક નિશાળના વિદ્યાર્થી તરીકે, મારું ધ્યાન ફક્ત મારી જરૂરિયાતો પર કેન્દ્રિત હતું. જ્યારે મેં સ્વયંસેવક તરીકે કામ કરવાનું શરૂ કર્યું ત્યારે મારી દૃષ્ટિ બદલાઈ ગઈ. ઉનાળાની રજામાં સ્થાનિક હોસ્પિટલમાં સેવા આપતા પહેલાં મને યોગ્ય તાલીમ આપવામાં આવી હતી. હું લોકોને પ્રવેશદ્વાર પાસે આવકાર આપી માર્ગદર્શન આપતો. બાળકોના વિભાગમાં રમતગમત અને ચિત્રકામ તેમજ વૃદ્ધોને મનોરંજન કરાવતો.

ગંભીર બીમારીઓનો સામનો કરનાર લોકો અને તબીબો સાથે વાતચીત કરતાં મને સમજાયું કે માનવ જીવન કેટલું કીમતી છે. દરેક દિવસ એક ઉપહાર છે. ભવિષ્યમાં હું ગુજરાતના સ્વયંસેવકો સાથે જોડાઈને, યુવાનોને ટેકો અને શિક્ષણ આપવાની જુદી જુદી પ્રવૃત્તિઓનું આયોજન કરીશ.

**Weather in Gujarat**

**Question 3**

**Example:**

**M1:** ગુજરાતનાં હવામાન વિશે જાણવા હું કાયમ ગુજરાતી છાપામાં નજર ફેરવી જાઉં.

**Question 3**

**M1**: ઉનાળાના ચાર મહિનાની ગરમીથી કંટાળી ગયેલા લોકો વરસાદની રાહ જોતા હતા. દક્ષિણ ગુજરાતમાં સારા પ્રમાણમાં વરસાદ પડવાથી લોકો ખુશ છે. કચ્છમાં અણધાર્યું વાવાઝોડું આવ્યું છે. દરિયામાં ઊંચાં ઊંચાં મોજાંને કારણે વાતાવરણ ગંભીર બન્યું છે. અમુક લોકો ઘરબાર વગરના થઈ ગયા છે.

**F2:** ભારે વરસાદ પડવાને કારણે લીલા દુકાળની સ્થિતિ સર્જાઈ છે. ખેતરોમાં પાણી ભરાઈ જવાથી અનાજનો પાક નાશ પામ્યો છે. બધી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઉડાણ રદ કરવામાં આવી છે તેથી સર્વે મુસાફરો નાખુશ છે. બચાવ-સેવાના કર્મચારીઓ રસ્તાઓ પર ફસાઈ ગયેલા વાહનચાલકોને મદદ કરવા માટે ખૂબ મહેનત કરી રહ્યા છે.

**Question 4**

**Example:**

**M1:** વિશ્વભરના ખેલાડીઓને એક જ મંચ પર લાવવા માટે, દર વર્ષની 23 જૂને આંતરરાષ્ટ્રીય *ઑલિમ્પિક* અને *પૅરાલિમ્પિક* દિવસની ઉજવણી ઉત્સાહથી કરવામાં આવે છે.

**Question 4**

**M1:** રમતગમતમાં ભાગ લઈ, તેને જીવનનો હિસ્સો બનાવવા માટે લોકોને પ્રોત્સાહિત કરવા, તે આ દિવસની ઊજવણીનું મુખ્ય લક્ષ્ય છે. ૨૦૨૧માં વિશ્વનો ચોવીસ કલાકનો અનોખો *ડિજિટલ ઑલિમ્પિક* દિવસ યોજાયો હતો. અનેક રાષ્ટ્રોના રમતવીરોએ તેમની રોજિંદી દિનચર્યા વિશે માહિતી આપી હતી. તેઓએ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા, શારીરિક અને માનસિક તંદુરસ્તી જાળવવા માટેનું માર્ગદર્શન આપ્યું હતું.

૨૦૨૧ની *પૅરાલિમ્પિક્સ*માં મહેસાણાના *સુંઢિયા* ગામની એક દિવ્યાંગ દીકરી, ભાવિના પટેલે અદ્દભુત કળા બતાવી. તે ટેબલ ટેનિસની રમતમાં અંતિમ તબક્કે પહોંચનારી પ્રથમ ગુજરાતી મહિલા હતી. ખરેખર તેણીએ વધાર્યું છે ગુજરાતનું ગૌરવ!

**Celebrating success in school**

**Question 5**

**Example:**

**F2:** હું માનું છું કે, વિદ્યાર્થીઓના વિકાસ માટે તેમની સફળતાની ઉજવણી શાળામાં કરવી જોઈએ.

**Question 5**

**F2:** ઉજવણી કરવાથી છાત્રોનો આત્મવિશ્વાસ અને મનોબળ વધે છે તેમજ વર્ગમાં સકારાત્મક વાતાવરણ ઊભું થાય છે. વિદ્યાર્થીઓનાં કામ અને વર્તન વિશે તેમને શાબાશી આપવામાં આવે અથવા તેમના માતાપિતાને નોંધ લખીને મોકલવામાં આવે ત્યારે બાળકોની ખુશીનો પાર નથી રહેતો.

શિક્ષકને મદદ કરવાનું કોને ન ગમે? જેણે નોંધપાત્ર ઉન્નતિ કરી હોય તેને અઠવાડિયા માટે વર્ગના નાયક બનાવવામાં આવે તો તેને વધુ પ્રોત્સાહન મળી શકે. વર્ગોમાં કે શાળાના પ્રવેશદ્વાર પાસે પણ બાળકોનું સર્વોત્તમ કામ પ્રદર્શિત કરવામાં આવે છે. શાળાના ઇનામદિને આચાર્ય તરફથી જ્યારે વિદ્યાર્થીઓને પુરસ્કારરૂપે પ્રમાણપત્રો અર્પણ કરવામાં આવે ત્યારે વાલીઓ આનંદથી નાચી ઊઠે છે.

**Young Enterprise Day**

**Question 6**

**M2:** યંગ *એન્ટરપ્રાઇઝ* નામનો કાર્યક્રમ શાળાઓ દ્વારા ચલાવવામાં આવે છે. તેના સ્વયંસેવકો યુવાનોને પોતાની કંપની ચાલુ કરવા માટે નિશાળમાં આવીને માર્ગદર્શન આપે છે. અમારી શાળાએ પણ આવા એક દિવસનું નિર્માણ કર્યું હતું. વિદ્યાર્થીઓએ નિશાળ માટે પૌષ્ટિક ભાથું બનાવવાનો ધંધો શરૂ કરવાનો હતો. તેના માટેનું આયોજન કરવા સૌ ઉલ્લાસિત હતા. છાત્રોની વહેંચણી ટુકડીઓમાં કરવામાં આવી.

વિચારોની આપલે કરીને પ્રત્યેક ટુકડીના ઉપરીએ ભીંત ઉપર ચિત્રો દ્વારા તેઓના મુદ્દાઓ રજૂ કર્યા. વાનગીઓની વિવિધતા, સામગ્રી અને ખર્ચ જેવી બાબતો ધ્યાનમાં લીધી હતી. બાળકોને આકર્ષે તેવાં પડીકાની શું ભાતીગળ રચનાઓ જોવા મળી! સર્વશ્રેષ્ઠ યોજના પ્રદર્શિત કરનાર ટુકડીને દૂરદર્શન પર રજૂઆત કરવાનો મોકો મળ્યો હતો. આવી તકો વિદ્યાર્થીઓને વ્યવહારિક જ્ઞાન આપે છે જે પુસ્તકોમાંથી મેળવી શકાતું નથી.

**Makar Sankranti**

**Question 7**

**F1:** આક્ષી, હું દર વર્ષે જાન્યુઆરીમાં મકરસંક્રાંતિ ઊજવવા માસીનાં ઘરે અમદાવાદ જાઉં. નાનાં-મોટાં સહુ રંગીન પોશાક પહેરી, વહેલી સવારથી પોતાના ઘરની અગાસી પર ઉલ્લાસભેર રંગબેરંગી પતંગ ઉડાવવાનો આનંદ માણે. આખો દિવસ, “કાપ્યો છે! કાપ્યો છે!” એવી બૂમો સાંભળવા મળે તેમજ ઢોલના અવાજ સાથે પતંગોની હરીફાઈઓ જામી હોય. રાત્રિ દરમ્યાન સફેદ પતંગો સાથે બંધાયેલાં ફાનસને ઉડાડીને શોખીનો પોતાની કળાનું પ્રદર્શન કરે ત્યારે આકાશ કેટલું અદ્ભુત દેખાય!

F2: દેવિકા, ઉતરાણનો તહેવાર, આવનાર સમયનું સ્વાગત કરીને ખુશી મનાવવાનો દિવસ છે. હું દાદા-દાદીનાં ઘરે મુંબઈ જાઉં. આ દિવસે મોઢામાં સ્વાદ રહી જાય તેવી તલ અને ગોળની અનેક વાનગીઓ ચાખવા મળે, જે સ્વાસ્થ્ય માટે પણ ગુણકારી છે. દાન અને મૈત્રીનો સંદેશ આપતું આ પર્વ દરેક સમાજના લોકો આનંદથી ઊજવે છે. આવતા વર્ષે મારે અમદાવાદમાં યોજાતા મોટા આંતરરાષ્ટ્રીય પતંગોત્સવની મજા માણવી છે.

**A beach holiday**

**Question 8**

**Example:**

**F2:** નમસ્તે! આવતા વર્ષે રજામાં કુટુંબીજનોને ગુજરાતના દરિયા કિનારે લઈ જવાનો મારે લહાવો લેવો છે. કૃપા કરી તમે મને થોડી માહિતી આપશો?

**Question 8 Part (a)**

**F1:** હા જરૂર. દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લાની લગોલગ એક લોકપ્રિય અને રમણીય પ્રવાસન સ્થળ છે. તિથલનો કાળો રેતાળ દરિયા કિનારો. તેના તીરે જોવા મળતું આથમતા સૂર્યનું સૌંદર્ય મનમોહક હોય છે. તે ઉપરાંત, ઉછળતાં મોજાંનો આનંદ તમારી આંખોને ઠંડક આપશે અને મનને શાંત બનાવશે. નાળિયેરીનાં વૃક્ષોની હારમાળા અદ્દભુત છે. સમુદ્રતટ પર લારીવાળા પાસે જીભને ચટાકેદાર લાગે તેવાં નાસ્તાપાણીનો સ્વાદ ચાખવા લોકોની ભીડ જામી હોય. રહેવા માટે ખૂબ વાજબી ભાવે આવાસો પણ મળી રહે છે.

**Question 8 Part (b)**

**F2:** તિથલ સિવાય બીજો કોઈ સાગરતટ છે?

**F1:** દ્વારકાની નજીક, શિવરાજપુરના પટને વિશ્વનો સૌથી શાંત, ચોખ્ખો અને સુરક્ષિત કિનારો હોવાનું સ્થાન મળ્યું છે. આ કચરા વગરનું સ્થળ ગુજરાતનું ગૌરવ છે. અહીંનું પાણી તળિયું દેખાય તેવું સ્વચ્છ છે. દૂર દૂર સુધી વસ્તી ઓછી હોવાથી ગિરદી તો ભાગ્યે જ જોવા મળે. પાણીની અનેક પ્રવૃત્તિઓ યુવાનોને આકર્ષે છે. ભારતના પ્રવાસ વિભાગે આવતા વર્ષ સુધીમાં આ જગ્યા વિકસાવવાનો નિર્ણય લીધો છે. વિદેશથી મોટી સંખ્યામાં પર્યટકો આવશે અને સાથે સાથે સ્થાનિક લોકોને બહોળા પ્રમાણમાં કામની તકો મળશે.

## Enhancement of linguistic skills through travelling

**Question 9**

**Question 9 Part (a)**

**M1:** પાઠ્યપુસ્તકો દ્વારા, શાળામાં ભાષાઓ શીખી શકાય છે. પરંતુ ભાષાનું વાસ્તવિક શિક્ષણ ખરેખર તો વર્ગખંડની બહાર થાય છે. અનેક લોકો સાથે તેમની પોતાની ભાષામાં સંવાદ કરવાથી ભાષાકીય બારીકાઈ અને તેઓના શિષ્ટાચાર વિશે માહિતી પ્રાપ્ત કરી શકાય. તે ઉપરાંત, પ્રવાસન કેન્દ્રો, અને પ્રાચીન સ્થળોમાં પૂછપરછ કરવાનું કેટલું સહેલું પડે! પરદેશી ભોજન, લોકોની જીવન જીવવાની રીતોમાં સમાનતા અને તફાવતો વિશે સમજી શકાય. વિશેષમાં, ઘણા નવા મિત્રો બનાવાય અને તેઓ વિશ્વને કેવી રીતે જુએ છે તેની ઊંડી જાણકારી મળી શકે.

**Question 9 Part (b)**

**M1:** ભવિષ્યમાં હું એક એવા અભ્યાસક્રમની રચના કરવા ઇચ્છું છું જે બાળકોને અનેક ભાષાઓ શીખવાની તક આપશે. તે માટે ગુજરાતનાં ગામોની સમસ્ત નિશાળોમાં દરેક વિદ્યાર્થીને કંપ્યૂટરની સેવા પૂરી પાડવામાં આવશે. મારી એવી આશા છે કે તેના ઉપયોગથી, બાળકો ચિત્રો દ્વારા કે શબ્દકોશ વાપરીને સરળતાથી કોઈપણ ભાષા શીખી શકશે. પરદેશમાં આ વ્યવહારિક અનુભવ વ્યવસાયોમાં કામ કરવા માટે તેમને સ્વાધીન અને આત્મવિશ્વાસુ બનવાની તક આપશે. સરકારી અને ખાનગી માળખામાં, રોજગારીનાં બજારમાં આવા પ્રાવીણ્યની પ્રચંડ માંગ છે. વિદેશમાં તો વિદ્યાર્થીઓ પોતાના અનુકૂળ સમયે ભાષાઓનું જ્ઞાન સંપાદિત કરે છે.

**Importance of language skills in cultivating business relationships**

**Question 10**

**Example**:

**F1:** બહુવિધ ભાષાઓની જાણકારી હોવી એ અસરકારક સંબંધો જાળવવા અને નાણાકીય સફળતા માટેનું એક ફાયદાકારક સાધન છે.

**Question 10 Part (i)**

F1: ધંધાકીય ક્ષેત્રમાં એકબીજાના સંબંધોને શ્રેષ્ઠ બનાવવા માટે વાતચીત કરવાની કળા જરૂરી છે. ઉપરાંત, વિવિધ રાષ્ટ્રો વચ્ચેના સહયોગને તે મજબૂત કરે છે. કાર્યાલયોમાં જો ભાષા શીખવા માટેનાં સાધનો આપવામાં આવે, તો કર્મચારીઓ તેઓની આ કળા વિકસાવી શકે છે. દાયકાઓ પહેલાં, વિવિધ ટેક્નૉલોજિના ઉપકરણો અસ્તિત્વમાં પણ ન હતાં. આજે એ દેશવિદેશના ધંધાઓ માટે સંદેશા-વ્યવહારના અમૂલ્ય વિકલ્પો પૂરા પાડે છે. ક્ષણભરમાં, વિશ્વના કોઈપણ દેશના અધિકારીઓ એકબીજા સાથે સંપર્કમાં રહી શકે છે. ઇન્ટરનેટ ઉપર *માઇક્રોસોફ્ટ ટીમ્સ* જેવી આધુનિક સુવિધાઓ દ્વારા સામસામે ચર્ચાવિચારણા કરી શકવાથી સંબંધો ગાઢ બને છે.

**Question 10 Part (ii)**

**F1:** આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કંપનીઓના માલિકો કોઈપણ ભાષામાં ઇ-મેઇલ સૂચીઓ તથા વેબસાઇટ મારફત સંદેશાવ્યવહાર કરી શકે છે. નવીન ઉત્પાદનો વિશેની માહિતી તત્પરતાથી જણાવી શકાય છે. આથી, ઉત્પાદકો અને ગ્રાહકોની સોદો કરવાની આવડત વધુ વિકસે છે. તે ઉપરાંત, અરસપરસ સંબંધ જાળવવાનો તેઓનો ઉદ્દેશ્ય હાંસલ થઈ શકે છે. તેઓ પરિચિત હોય તેવી ભાષામાં વાર્તાલાપ કરવાથી, પરસ્પરનાં સંબંધોમાં વિશ્વાસ સ્થાપિત થાય છે જે વધુ ઘરાકોને આકર્ષે છે. ગ્રાહકો જો ખુશ હશે તો વેચાણમાં અને નફામાં વધારો થશે.